# ગુજરાત જાહેર સેવા આયોગ

## રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની યાદી

## :સુધારા યાદી:

વંચાણે લીધી:(1) આયોગની તા.08.08.2017ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી

(2) આયોગની તા.29.11.2017ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની બીજી યાદી

(3) આયોગની તા.11.01.2018ની રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની યાદી

1. આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ ઉધોગ અને ખાણ વિભાગ હેઠળની કમિશ્નરશ્રી ભૂસ્તર અને ખનિજ કચેરી હસ્તકની મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-2ની જગ્યાએ ભરતી કરવા માટે જાહેરાત ક્રમાંક: 110/2016-17ના સંદર્ભમાં આયોગ દ્વારા તા.16.04.2017 ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે તા.08.08.2017ના રોજ અરજી ચકાસણીને પાત્ર થતા કુલ: 60 ઉમેદવારોના બેઠક નંબરોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

2. આ 60 ઉમેદવારોના બેઠક નંબરોની પાત્રતા ચકાસણી બાદ નોર્મ્સ મુજબ રૂબરૂ મુલાકાત માટે પાત્ર પુરતા ઉમેદવારો ન મળતા લાયકી ધોરણ નીચું લઇ જઇ વધુ કુલ: 08 બેઠક નંબરોની બીજી યાદી તા.29.11.2017ના રોજ અરજી ચકાસણી માટે જાહેર કરવામાં આવેલ હતી. ત્યારબાદ અરજી ચકાસણીને અંતે તા.11.01.2018ના રોજ રૂબરૂ મુલાકાતને પાત્ર થતા 42 ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

3. આ જગ્યાની જાહેરાત તા.15.12.2016ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, તથા તેમાં ઓન-લાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ 30.12.2016 નિયત થયેલ છે. આ જગ્યાની જાહેરાતની અનુભવ અંગેની જોગવાઇ અનુસાર, **ઉમેદવાર ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં માઇન્સ સુપરવાઇઝર, વર્ગ-3ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગ્યા ઉપર આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ, અથવા ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં માઇન્સ સુપરવાઇઝર, વર્ગ-3ના દરજ્જા થી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગ્યાને સમકક્ષ ગણી શકાય તેવી જગ્યા ઉપર, સરકારમાં અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા ભારતમાં કાયદાથી સ્થાપાયેલ લિમિટેડ કંપની અથવા ખનિજ સંસ્થામાં ખાણકામ અથવા ખનિજ વહીવટ અથવા ખાણકામ વિષયક કાયદા ઘડવાનો અથવા ખનિજ સંશોધન ક્ષેત્રમાં આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.** તદાનુસાર ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ અનુભવની લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ:30.12.2016 ના રોજ ધરાવતા હોવા જોઈએ.

4. આયોગની કચેરી દ્વારા તા.11.01.2018ના રોજની રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોની યાદીમાં બેઠક નં.101000099 પરના ઉમેદવારને શરતચૂકથી રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવેલ છે.

આ ઉમેદવારની અરજીની ચકાસણી (Scrutiny) કરતાં આ ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ(30.12.2016)ના રોજ નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદના નિયત પુરતા અનુભવની લાયકાત ધરાવતા નથી. આથી તા.11.01.2018 ના રોજ પ્રસિધ્ધ કરવામા આવેલ રૂબરૂ મુલાકાતને પાત્ર કુલ: 42 ઉમેદવારો ના બેઠક નંબરની યાદીમાંથી બેઠક નંબર 101000099 ને રદ્દ કરવામાં આવે છે, આમ થતાં હવે રૂબરૂ મુલાકાતને પાત્ર થતા ઉમેદવારોની સંખ્યા 41 થશે.

5. આયોગની કચેરી દ્વારા તા.14.10.86ના રોજ પ્રસિધ્ધ થયેલ કચેરી હુકમથી નક્કી થયેલ માપદંડ અનુસાર સા.શૈ.પ.વર્ગ (કોમન) વર્ગના ઉમેદવારોની કુલ 03 જગ્યાઓ માટે નોર્મ્સ મુજબ 10 ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે પાત્ર જાહેર કરવાના થાય. રૂબરૂ મુલાકાત માટે પાત્ર થયેલ સા.શૈ.પ.વર્ગ (કોમન) વર્ગના ઉમેદવારોની સંખ્યા **06** માંથી **01** સંખ્યા બાદ થતાં હવે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા સા.શૈ.પ.વર્ગ (કોમન) વર્ગના ઉમેદવારોની સંખ્યા **05 (પ્રાપ્ય તમામ)** થતી હોઇ, તા.10.01.2018ના રોજ પ્રસિધ્ધ કરવામા આવેલ રૂબરૂ મુલાકાતને પાત્ર સા.શૈ.પ.વર્ગ (કોમન) વર્ગના વધુ કોઇ ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે પાત્ર જાહેર કરવાના રહેતા નથી.

6. આમ થતાં રૂબરૂ મુલાકાત માટે પાત્ર યાદી હેઠળની નોંધ (1): "આયોગે નક્કી કરેલ લાયકી ધોરણ **(Passing standard)** ધરાવે છે, પરંતુ જાહેરાતની જોગવાઇઓ પરિપુર્ણ કરતા ન હોઇ રૂબરૂ મુલાકાતને પાત્ર થતા નથી." તેવા ઉમેદવારોની સંખ્યા હવે **25** થશે. તા.11.01.2018ની રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની યાદીની અન્ય વિગતો યથાવત રહેશે.

Sd/-

સ્થળ: ગાંધીનગર-382010 નાયબ સચિવ

તારીખ: 16.02.2018 ગુજરાત જાહેર સેવા આયોગ